# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

તું ગુજરાતીમાં જો 'આવો' કહે છે,
તો મારા કાને એક ટૌકો પડે છે...

આ તારા હોઠ થી ફૂલો ઝરે છે,
તું ગુજરાતી માં જો વાતો કરે છે...

લખે છે ગુજરાતીમાં તુ ચબરખી,
ને તેમાંથી પછી કંકુ ખરે છે...

આ છોભીલો પડે ગુજરાતી કક્કો,
તુ જયારે 'જાવ નઈ બોલું' કહે છે...

આ મારા કાનમાં રેડાય અમૃત,
તું ગુજરાતી ગઝલ જો ગણગણે છે...

છીએ આ હું ને મારી ભાષા એક જ,
ગલત તું એક ને એક બે ગણે છે...

અદમ ટંકારવી.

## પાથેય

- રમેશ ઠક્કર

# કાનમાં પડતો ટહુકો...

ગુજ્જુ કવિ કેસૂડાં,મહુડો, અને શીમળાની ભુલભુલામણીમાં પડ્યો છે..આપણને માતૃભાષાની ચિંતા થાય એ સ્વાભાવિક છે.."કંકુમાં ને ગેરૂમાં શો ફેર ? ' એવું પુછનાર રમેશ પારેખ યાદ આવી જાય છે..'કેમ રે સૂડો ભાળું' એવી પણ એક કવિતા છે...આજના કવિને સૂડો અને પોપટ અલગ છે એ સમજાવવું પડશે..કબૂતર અને હોલો બેઉ ભોળિયા જીવની અલગ પહેચાન છે એનાથી અવગત કરાવવો પડશે..તમે રે ચંપો ને અમે કેળ એવું કેમ? સમજવું પડશે.લખવું એ એક વાત છે અને અનુભવસિધ્ધ આલેખન કરવું એમાં ફરક છે...

ગુજરાતી ભાષાની નજાકત અનોખી છે..એના અનેક રંગ છે..રાયડાનું ખેતર કે સરસવનું ખેતર ભલે સમાન લાગે પણ રંગ બંનેના જુદા ! રાઇનો દાણો વળી અલગ..પીળા ઘમરક સરસવની શાન જ જુદી હોય છે..ઘરરર ઘંટી ચાલતી ત્યારે બાજરો અને બંટીનો ભેદ આપોઆપ સમજાતો..જુવાર અને ચાસટીયો જોડિયા ભાઈ જેવા લાગે..બંનેની મોહક અદા કવિઓની કસોટી કરે એમાં શું નવાઇ! એક જમાનામાં રાતડિયું નામે લાલ જુવાર ગામડાંઓમાં વપરાતી..

અનાજ કે ફૂલોનું કે પક્ષીઓનું વૈવિધ્ય જ આવું છે એવું નથી..જ્યાં જ્યાં નજર પડે આવાં વિસ્મય છે..ખાખરાનાં પાન પતરાળાં અને પડિયામાં વપરાય..ટીમરુનાં પાન બીડી બનાવવા ઉપયોગી થાય..બાવળ દેશી પણ હોય અને વિલાયતી પણ હોય..નદીનાળું બોલાય ભેગું પણ નદી અલગ છે નાળું પણ અલગ છે ! સીમનો સંદર્ભ જુદો છે... વગડાની વાત નોખી છે..પાદર ગામની શાન છે તો ભાગોળ એ ગામની શોભા હોય છે !

ગામડામાં જે શેરી હોય છે એ શહેરમાં ગલી બની જાય છે..બહુ ગીચ થાય એટલે એ ચાલી બની જતી હોય છે ! પોળ એ મહોલ્લો પણ છે અને શેરી પણ છે ! ખેતર એ ખેતર છે ખળું એનું સહાયક અંગ છે... શેઢો ખેતર ફરતો વલય છે..ચાસ એની શોભા છે...

મને મારી ભાષાના આવા ભેદભરમ ગમે છે..એના મરમ ગમે છે..મને મારી ભાષા માટે દાઝ છે... આ દાઝના કેટલા પર્યાય ? દાઝ એટલે... લાગણી, પ્રેમ, સંવેદના, અનુરાગ, તલસાટ... ગુજરાતી ગુજરાતી તું મોરી મા..મા એટલે જનેતા,જનની, મૈયા, માવડી... કેટલું બધું !

# પ્લાસ્ટિક પ્રદૂષણના ઉકેલો : પ્લાસ્ટિક પ્રદૂષણ દૈત્યને મહાત કરીએ



પર્યાવરણની વિશેષ કાળજી લેવા માટે વર્ષ ૧૯૭૩થી, દર વર્ષે ૫મી જૂનના દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવામાં આવે છે. વિશ્વભરના લાખો લોકો પ્રતિવર્ષ આ ઈવેન્ટમાં ભાગ લે છે. યુએનઈપી-યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ સંસ્થા દ્વારા વર્તમાન વર્ષ ૨૦૨૩ના વિશ્વ પર્યાવરણ દિનનું વિષયવસ્તુ (થીમ), 'ઈબીટપ્લાસ્ટિકપોલ્યુશન' ઝુંબેશ હેઠળ 'સોલ્યુશન્સ ટુ પ્લાસ્ટિક પોલ્યુશન' જાહેર કર્યું છે. સદર થીમનો સામાન્ય મતલબ, પ્લાસ્ટિક પ્રદૂષણની સમસ્યાના ઉકેલો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવાના ઉમદા હેતુથી સૌને સોશિયલ મીડિયા 'ઈબીટપ્લાસ્ટિકપોલ્યુશન' મારફતે વૈશ્વિક ઝુંબેશમાં સામેલ થવા અનુરોધ કર્યો છે. 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન' અભિયાનનો અર્થ 'પ્લાસ્ટિક પ્રદૂષણ દૈત્યને મહાત કરીએ' એવું સમજાય છે.

વિશ્વ પર્યાવરણ દિન, ૨૦૨૩ના વૈશ્વિકકક્ષાના કાર્યક્રમના મુખ્ય યજમાન તરીકે પશ્ચિમ આફ્રિકામાં આવેલ આઈવરી કોસ્ટ તરીકે જાણીતા કોટ ડી'આઈવોરને નેધરલેન્ડ્સનો સહયોગ મળ્યો છે. આપણી પૃથ્વી પ્લાસ્ટિક પ્રદૂષણથી લદબદ થઇ રહી છે. દર જથ્થાની બનાવટો માત્ર એક જ વાર ઉપયોગમાં લેવાય તેવી પ્રોડક્ટ્સ હોય છે. આવી ચીજ-વસ્તુઓ સિંગલ યુઝ પ્લાસ્ટિક તરીકે ઓળખાય છે. આવા પ્લાસ્ટિકના વર્ષે ૪૦૦૦ લાખ ટનથી વધુ પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. પ્લાસ્ટિકના કુલ ઉત્પાદન પૈકી લગભગ અડધોઅડધ જથ્થાની બનાવટો માત્ર એક જ વાર ઉપયોગમાં લેવાય તેવી પ્રોડક્ટ્સ હોય છે. આવી ચીજ-વસ્તુઓ સિંગલ યુઝ પ્લાસ્ટિક તરીકે ઓળખાય છે. આવા પ્લાસ્ટિકના ભાગ્યે જ દસ ટકા જથ્થાનું રિસાયકલ થાય છે. સરેરાશ ૨૧૦ લાખ ટન પ્લાસ્ટિકનો કચરો તળાવો, નદીઓ અને સમુદ્રોમાં તેમજ જમીન પર આડેધડ ફેંકવામાં આવે છે. પ્લાસ્ટિક-કચરાના નિકાલની મહાકાય જટિલ સમસ્યા છે. જીવસૃષ્ટીના પર્યાવરણ, ભૂગર્ભજળ તેમજ જમીનને તેની માઠી અસર થઇ રહી છે. ઉપરાંત દરિયા અને મહાસાગરો પ્લાસ્ટિક પ્રદૂષણથી પ્રભા થઇ રહ્યા છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અહેવાલ મુજબ, ભારતમાં દરરોજ ૨૬,૦૦૦ ટન પ્લાસ્ટિક કચરો થાય છે. જે પૈકી રોજબરોજ લગભગ ૧૫,૬૦૦ ટન પ્લાસ્ટિક કચરાનું રિસાયકલ થાય છે. સરવાળે દરરોજ ૯,૪૦૦ ટન પ્લાસ્ટિક-કચરો ગમે ત્યાં વેરવિખેર ફેંકવામાં આવે છે. પસ્તી ઉઘરાવતા ફેરિયા તેમજ ભંગારિયા બિનઉપજાઉ પ્લાસ્ટિક કચરો ગમે ત્યાં ફેંકે છે. ટૂંકમાં, પ્લાસ્ટિક-કચરાની ગંભીર સમસ્યા પૃથ્વી માટે ખતરારૂપ વિકરાળ બની રહી છે. ૫ મીલીમીટર કરતાં નાના માપનું પ્લાસ્ટિક 'માઈક્રોપ્લાસ્ટિક્સ' તરીકે પ્રચલિત છે. દરિયાઈ માઈક્રોપ્લાસ્ટિક્સની માઈક્રોબિયલ કોલોનીને સંશોધકોએ નવા નામ 'પ્લાસ્ટિસ્ફિયર'થી ઓળખવાનું શરૂ કર્યું છે. આ માઈક્રોપ્લાસ્ટિક આપણા ખોરાક, પાણી તેમજ હવામાં ભળેલા જોવા મળી રહ્યાં છે. આપણામાંથી મોટાભાગના લોકોને આ બાબતની ભાગ્યે જ જાણકારી છે. પ્લાસ્ટિકના ઘણા ઉત્પાદનોમાં જોખમી ઘટકો ભેળવવામાં આવે છે. આવું પ્લાસ્ટિક આપણા આરોગ્ય માટે ખતરારૂપ છે. જેનાથી કેન્સર, એન્ડોમેટ્રિઓસિસ, ન્યુરોલોજીકલ ડેમેજ, એન્ડોક્રાઈન ડિસ્પર્શન (અંતઃસ્ત્રાવી વિક્ષેપ), જન્મજાત ખામી અને વિકૃત બાળ વિકાસ, ખામીયુક્ત પ્રજનન, રોગપ્રતિકારક ક્ષીણશક્તિ, અસ્થમા તેમજ શારીરિક અંગોમાં અનેક પ્રકારની ઊણપ રહે છે. વર્ષ ૨૦૨૨માં, યુએન-યુનાઈટેડ નેશન્સના સભ્ય-દેશોની મળેલ બેઠકમાં, પ્લાસ્ટિક પ્રદૂષણને વર્ષ ૨૦૨૪ સુધીમાં સમાપ્ત કરવા માટે બંધનકર્તા કાયદેસર કરાર કરવાના ઠરાવને સમર્થન મળ્યું છે. જેમાં, પ્લાસ્ટિક પ્રોડક્ટની ડિઝાઈનથી ઉત્પાદન સુધી, તેમજ તેના વપરાશ પછીના સમગ્ર સમયચક્રને ધ્યાનમાં રાખી, પ્લાસ્ટિક કચરાના આખરી નિકાલ વ્યવસ્થાપનના અટપટાં પગલાં આવરી લેવાના છે. પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધના કાયદાઓ અમલમાં હોવા છતાં, પ્લાસ્ટિકના ઉત્પાદન, વપરાશ અને નિકાલ બાબતે આપણા ઉપયોગો કે પદ્ધતિમાં ફેરફાર કરવાનો સમય પાકી ગયો છે.

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

પ્લાસ્ટિક પ્રદૂષણની સમસ્યાના નિરાકરણ માટે કેટલીક પ્રગતિ થઈ રહી છે. સરકારના વર્તમાન પ્રયાસો ફક્ત પ્લાસ્ટિકના રિસાયક્લિંગ અથવા અન્ય નિકાલ પદ્ધતિ પર જ કેન્દ્રિત છે. વાસ્તવમાં, હાનિકારક પ્લાસ્ટિકને નાબૂદ કરવાના પ્રયત્નો પણ જરૂરી છે. હાલમાં વપરાતા પ્લાસ્ટિકના વિકલ્પો માટે નવીન પ્રોજેક્ટ્સની શોધખોળને પ્રોત્સાહનો આપી, પર્યાવરણને અનુકૂળ વિકલ્પો ઉપલબ્ધ કરવા ઈચ્છિત છે.

પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવવાના ઉકેલો વિકસાવવા માટે કેટલીક પહેલ કરવામાં આવી રહી છે. એલેન મેકાર્થર ફાઉન્ડેશન અને યુએનઈપી સંસ્થાએ સાથે મળીને 'ન્યૂ પ્લાસ્ટિક ઈકોનોમી'નું આયોજન કર્યું છે. જેમાં, ૫૦૦થી વધુ વ્યવસાયિક અને વાણિજ્યગૃહો અને સંગઠનો, સરકારો તેમજ અન્ય સંસ્થાઓને 'સર્ક્યૂલર પ્લાસ્ટિક ઈકોનોમી' વ્યવસ્થા ઊભી કરવા, એક છત્ર હેઠળ લાવી રહ્યાં છે. તેઓએ પ્લાસ્ટિક પ્રદૂષણ અને દરિયાઈમાં ફેંકાતા કચરા વિષયક વૈશ્વિક ભાગીદારીનું ગઠન કર્યું છે. સમુદ્રમાં અલગ અલગ પ્રવાહો મારફતે ઠલવાતા પ્લાસ્ટિકના વાર્ષિક જથ્થામાં વર્ષ ૨૦૪૦ સુધીમાં, આ પગલાંથી લગભગ આઠ ટકાનો ઘટાડો થશે.

યુએનઈપીની પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ -

ક્લાયમેટ એક્શન્સઃ ક્લામેટ(મોસમ)ની સ્થિતિ, સંદર્ભે હાલમાં શું થઈ રહ્યું છે, તે અંગે લીધેલાં પગલાંમાં થયેલી પ્રગતિ તેમજ ક્લાયમેટ ઈમર્જન્સિની પરિસ્થિતિમાં લેવાના પગલાં પરત્વે શોધખોળ કરે કરે છે. પ્રકૃતિની દરકાર લેવાના પગલાંઃ કુદરતી સંસાધનોનું સંરક્ષણ, વિકૃત થયેલ સ્થિતિઓને પૂર્વવત્ કરવાના પગલાં, તેમજ કુદરતી સંપત્તિનો વ્યવહારૂ ઉપયોગ કરી પૃથ્વીની મૃદુલતા જાળવવાની ખાતરી કરે છે. રસાયણો અને પ્રદૂષણ અંગે પગલાંઃ માનવ આરોગ્ય અને પર્યાવરણ પરની રસાયણો અને પ્રદૂષણની પ્રતિકૂળ અસરોને ઘટાડવા માટે પગલાં ભરે છે. યુએનઈપી દ્વારા જુદાજુદા ક્ષેત્રો વિષયક કાર્યક્રમોની કામગીરી કરવામાં આવે છે, જેવી કે, હવા; બાયોસેફ્ટી;આપત્તિઓ અને સંઘર્ષો; ઊર્જા; પર્યાવરણ સમીક્ષા; પર્યાવરણીય અધિકારો અને શાસન; (ખનીજોનું) નિષ્કર્ષણ; જંગલો; લિંગ સમાનતા તેમજ મહિલા સશક્તિકરણ; મહાસાગરો અને સમુદ્ર સંરક્ષણ તેમજ અવિરત ટકાઉ વ્યવસ્થાપન; સંસાધન કાર્યક્ષમતા; અવિરત ટકાઉ તેમજ ઓછા ઉત્સર્જનવાળું પરિવહન; જળ સંરક્ષણ તેમજ ફ્રેશવૉટર ઈકોસિસ્ટમ પૂર્વવત્ કરવા; યુવા, શિક્ષણ અને પર્યાવરણ; તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં અસમાનતા ઘટાડવી અને વધુ શાંતિપૂર્ણ સમૃદ્ધ સમાજોનું નિર્માણ કરી ગરીબી નાબૂદી તરફ અવિરત ટકાઉ વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા.ગુજરાતમાં, સરકારીતંત્રએ પ્લાસ્ટિક કચરો નીપજાવતા એકમોનું મોનીટરિંગ કરીને, સિમેન્ટ પ્લાન્ટ્સમાં 'પ્લાસ્ટિક કચરાનું કો-પ્રોસેસિંગ' કરવાના કન્સેપ્ટને અમલમાં મૂક્યો છે. થોડા વર્ષો અગાઉ, જીપીસીબી અને સ્વૈચ્છિક સંસ્થાએ સાથે મળીને સ્વચ્છતા અભિયાનનો નોંધપાત્ર કાર્યક્રમ કર્યો હતો. જેમાં, પ્રસંગસર પદયાત્રીઓ રસ્તામાં ગમે ત્યાં પ્લાસ્ટિક કચરો ફેંકવાને બદલે મૂકરર જગ્યાએ જ જવાબદારીપૂર્વક નિકાલ કરે તેવો ઉમદા હેતુ પાર પડ્યો હતો. ગત વર્ષોમાં પગપાળા અંબાજી પદયાત્રાના નિયત સમયગાળા દરમિયાન આ પ્રયોગનો અમલ કર્યો હતો. પરિણામે, લગભગ ૫,૮૦૦ કિલોગ્રામ પ્લાસ્ટિક કચરો અંબાજી તરફ જતા જુદાજુદા માર્ગોમાંથી એકત્ર કર્યો હતો. ત્યારબાદ, આ કચરાને ઉચિતરીતે રિસાયકલ કર્યો હતો. આવી જ રીતે, જે તે વર્ષે અમદાવાદમાં જગન્નાથ મંદિરની યાત્રા દરમિયાન પણ લગભગ ૫,૦૦૦ કિલોગ્રામ પ્લાસ્ટિક કચરો એકઠો કર્યો હતો. આવા પ્રકારના કાર્યક્રમોનું નિયમિત ધોરણે પુનરાવર્તન આવકાર્ય છે. આપણે સૌ ઊર્જા અને પાણી બચાવીએ, ઘરગથ્થું, પ્લાસ્ટિક અને ઈ-વૅસ્ટ ઘટાડીએ, તંદુરસ્ત જીવનશૈલી અને અવિરત ટકાઉ ખાદ્ય પદ્ધતિઓ અપનાવીએ, તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકને અલવિદા પણ કરીએ.

પ્લાસ્ટિક કચરાને અલગ અલગ ઠેકાણેતી એકત્ર કરવા, ગ્રેડ મુજબ છૂટો પાડીને ઉચિત ટ્રીટમેન્ટની સંપૂર્ણ કામગીરી માટે સરકારે ખર્ચ ભોગવવો જ જોઈએ. પ્લાસ્ટિક પ્રદૂષણના દૈત્યને મહાત કરવા માટે પ્લાસ્ટિક કચરાને આવકના સ્ત્રોત તરીકે ગણવાની વિચારધારામાં સચોટ બદલાવ લાવવો જ પડશે.

ચાલો, વિશ્વ પર્યાવરણ દિવસે પણ વિવિધ નગરો અને શહેરોમાં તેમજ તેની આસપાસ કાર્યરત, પર્યાવરણ મિત્ર, નિસર્ગ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, ગ્રીન કેટાલિસ્ટ, ઈકો વૉરિયર્સ, વગેરે જેવી જાણીતી સ્વૈચ્છિક સંસ્થાઓ, તેમજ સકારાત્મક કાર્યરત્ ઔદ્યોગિક મંડળો, કે સરકારી તંત્ર દ્વારા આયોજિત પ્લાસ્ટિક પ્રદૂષણના વિવિધ કાર્યક્રમોને પ્રોત્સાહન આપીએ તેમજ સહયોગી બનીએ. ચાલો, પર્યાવરણને સાનુકૂળ આપણી જીવનશૈલી આપણું 'લાઈફ મિશન' બનાવીએ!

- nareshkthakar@gmail.com

# ...મહેનત પાછળ બે બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી!

**ધર્મના તમાચાઓ, બેડીઓ પ્રલોભનની, કોરડા સમય કેરા;**
**એક મૂંગી શ્રદ્ધાની વેદનાઓ માપીને, લો અમે તો આ ચાલ્યા!**
**થાય તે કરે ઈશ્વર ! ભાન થઈ ગયું અમને, આપ-મુસ્તારીનું!**
**દમ વિનાના શાસનની આજ્ઞા ઉથાપીને, લો અમે તો આ ચાલ્યા!**

પ્રાચીન કાળથી અનેક પ્રકારની રાજકીય તંત્રો અને વાદોનો માનવસમાજ અખતરા કરતો આવ્યો છે. એકહથ્થુ રાજ, પ્રજારાજ, રાજાશાહી, તાનાશાહી, બહુમતશાહી વગેરે અનેક પ્રકારનાં તંત્રોની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે.

આનો અર્થ એટલો જ કે મનુષ્યને સુખી થવા માટે કોઈ પ્રકારના રાજતંત્રનું અસ્તિત્વ આવશ્યક છે એમ સૌને લાગે છે ખરું; પણ તેનું આદર્શ બંધારણ હજુ તે ખોળી શક્યો નથી. વિચાર અને અખતરા કરતો આવ્યો છે, અનુભવ લેતો આવ્યો છે, પણ હજુ કોઈ અખતરો લાંબા વખત સુધી સંતોષકારક કામ આપનારો સાબિત થયો નથી.

દુનિયાના આજના ડાહ્યા માણસો અને તેમને અનુસરનારા દેશો ત્રણ મુખ્ય વર્ગમાં વહેંચાયેલા એમ કહી શકાય : પ્રજાકીય બહુમતશાહી (ડેમોક્રેસી), લશ્કરી તાનાશાહી (ફાસિસ્ટ ડિકટેટરશિપ) અને મજૂરોની તાનાશાહી (સામ્યવાદી ડિકટેટરશિપ).

આપણા પોતાના દેશ માટે પ્રજાકીય બહુમતશાહી બંધબેસતી થઈ શકે એવો આપણા દેશના બહુ મોટા ભાગના સુજ્ઞ પુરુષોનો મત છે. પણ એ મૂળ પાયો સ્વીકાર્યા બાદ પણ મતાધિકાર, ચૂંટણીઓ, રાજકીય પક્ષો વગેરેના પ્રશ્નો ઓછા ઝઘડા અને ખુનામરકી કરાવનારા તથા મૂંઝવનારા નથી. કાના, માત્ર, જોડણી, વ્યાકરણ, વિરામચિહ્ન વગેરેની એક પણ ભૂલ ન હોય, અને બહુ સુવાચ્ય અક્ષરે લખાણ લખ્યું હોય, છતાં કાયદો વસ્તુ જ એવી છે કે જેનો અપ્રમાણિક ઉપયોગ કરવાના માર્ગો નીકળી જ આવે છે. કાયદાની સ્થાપના દંડશક્તિ પર શ્રદ્ધા રાખનારાઓએ કરેલી હોય છે. અનેક રીતે એ દંડશક્તિ નબળી નીવડે છે. પણ એ બધી નબળાઈઓનું એકમાત્ર કારણ બતાવવું હોય તો તે શાસિત પ્રજાનું ચારિત્ર છે.

'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' એ કહેવત જાણીતી છે. 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે એ 'કૂવામાં હોય તેટલું ને તેવું હવાડામાં આવે.' કૂવા કરતાં હવાડામાં ઓછું આવે, એમ બને છે જ. તેના કરતાં વધારે ન આવી શકે એ દેખીતું છે. વળી, કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ હવાડામાં બગડે એમ બને; પણ કૂવાનું દૂષિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે એમ નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી. પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહીં.

હવાડો એ શાસકવર્ગ છે. કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણ ઘડો, સમસ્ત પ્રજાના ચારિત્ર્ય કરતાં શાસકવર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય એમ બનવાનું નહીં; અને પ્રજા પોતાની ચારિત્રથી જેટલા સુખસ્વાતંત્ર્યને લાયક હોય તેથી વધુ સુખસ્વાતંત્ર્ય ભોગવી શકશે નહીં. જે રાજ્યપ્રણાલિકામાં શાસકવર્ગ કેવળ દંડશક્તિ જ મેળવતો નથી, પણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસકવર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે. અને છેવટે શાસકવર્ગ પેદા થાય છે શાસિતોમાંથી જ. એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે એવું ધીમે ધીમે પરિણામ આવે છે. સર્વે પ્રકારની રાજ્ય પ્રણાલિકાઓ થોડા વખતમાં સડવા માંડે છે તેનું આ જ કારણ છે.




આથી, પ્રજાના હિતચિંતકોએ તેમજ પ્રજો પણ સમજવું જોઈએ કે સુખ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કેવળ રાજકીય બંધારણ અને કાયદાઓની સંભાળપૂર્વક રચના કે ઉદ્યોગો વગેરેની યોજનાઓ દ્વારા સિદ્ધ નથી થવાની, કેવળ શાસકવર્ગમાં થોડા સારા માણસો હોવાથીયે નથી થવાની, પણ સમસ્ત પ્રજાની ચારિત્ર્યવૃદ્ધિ તથા શાસકવર્ગના ઘણા મોટા ભાગની ચારિત્રવૃદ્ધિ દ્વારા જ થશે. સારા કાયદાઓ અને યોજનાઓ મદદ કરી શકે, પણ તે કેવળ સાધનરૂપે; મૂળ કારણ બની શકે નહીં. જો પ્રજાને દુઃખી કરવા માટે તે જ પ્રજાના માણસોની જરૂર પડે એમ હોય તો દુષ્ટ વિજેતા બળવાન ચારિત્રવાળી પ્રજાને લાંબો વખત સુધી રંજાડી શકે નહીં. અને સુખી કરવા માટેયે તે જ પ્રજાના માણસોની જરૂર રહેતી હોય (અને તે તો હંમેશા રહે જ) તો ધર્માત્મા રાજા અને પ્રધાનમંડળ પણ ચારિત્રશૂન્ય પ્રજાને લાંબો વખત સુધી સુખી રાખી શકશે નહીં.

પણ આપણે તપાસીશું તો જણાશે કે આપણે આથી ઊલટા શ્રદ્ધા પર કામ કરીએ છીએ. એ પણ માનીએ છીએ કે સામાન્યવર્ગ બહુ ભારે ચારિત્રવાન ન હોય પણ સારા પગારો વગેરે આપી શાસકવર્ગ માટે તેમાંથી આપણે સારા ચારિત્રવાન માણસો મેળવી શકીએ ખરા, અને તેમની મારફ્ત જનહિતની યોજનાઓ તથા કાયદાઓ ઘડી પ્રજાને સુખી કરી શકીએ. આ, મેલા પાણીમાં થોડું ચોખ્ખું પાણી મેળવી બધું પાણી સારું કરી શકાય એના જેવી શ્રદ્ધા છે. આમ બની તો શકતું નથી, પણ સર્વત્ર પ્રચલિત આ શ્રદ્ધાનું પરિણામ એ આવે છે કે શાસકવર્ગ પોતાની બધી સુખસગવડો માટે રાજ્ય તરફ જ જુએ છે, ખામીઓ માટે તેનો જ વાંક કાઢે છે અને જુદા જુદા પક્ષોની ચળવળોના તથા તોફાન કરાવનારાઓના શિકાર બને છે. જાણે ચૂંટણીઓ અને સરઘસો, પરિષદો, સમિતિઓ, ભાષણો, હડતાલો અને રમખાણો જ પ્રજાકીય શાસનનાં અંગો હોય ! આટલું છતાં પ્રજાઓમાં વ્યવસ્થિત જીવન ચાલે છે તેનું કારણ રાજ્યના કાયદા કે વ્યવસ્થાશક્તિ નથી, પણ આ બધી ધાંધલો છતાં પ્રજાના મધ્યમ વર્ગોમાં રહેલી નૈસર્ગિક વ્યવસ્થાપ્રિયતા અને શાંતિપ્રિયતા છે.

- કિશોરલાલ મશરૂવાલા

**Last Seen :**

**નાવ ઊતારુ હો કે માલમ, સૌને માથે ભમતું જોખમ,**
**કાંઠા પણ દ્રોહી થઇ બેઠા, મઝધારે પણ માઝા મેલી.**
**કોનો સાથ જીવનમાં સારો 'શૂન્ય' તમે પોતે જ વિચારો,**
**મહેનત પાછળ બે બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી!**

**- શૂન્ય પાલનપુરી**

- nehalgadhavi101@gmail.com

# રાઈટ ટુ એજ્યુકેશન એકટ મુજબ ગરીબ બાળકો માટે ખાનગી શાળાઓમાં અનામત બેઠક ફરજીયાત

બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ-૩૮ થી ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૨થી રાજયમાં ખાનગી શાળાઓમાં ગરીબ બાળકોને મફત શિક્ષણ આપવાની ફરજીયાત બનાવેલ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ મુજબ પણ જીલ્લા પંચાયતને પ્રાથમિક શિક્ષણ પુરૂં પાડવાની ફરજ સોંપવામાં આવી છે, જેમાં મ્યુનિ. કોર્પો. અને નગરપાલિકાનાં વિસ્તારમાં આવેલી તમામ પ્રાથમિક સ્કુલોને આવરી લેવામાં આવી છે. જેને જી.સી.ઈ.આર.ટી. હેઠળ મુકવામાં આવેલ છે.

બાળકની ઉંમરનું છઠ્ઠુ વર્ષ પુરૂં થયું ના હોય તેવા બાળકોને ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે નહી, પરંતુ તે વર્ષનાં જુન મહિનામાં પાંચ વર્ષ પુરા થતાં હોય તેવા બાળકોને પ્રવેશથી વંચિત ન રાખવા તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે ફરમાવ્યું છે. ઉંમરનાં પુરાવા તરીકે હોસ્પિટલ, મીડવાઈફ, નર્સ, અને રજીસ્ટર્ડ તેમજ આંગળવાડી રેકર્ડને પુરાવા તરીકે ગણી શકાશે.

ગુજરાત પંચાયત અધિ., ૧૯૯૩ જુના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિ.ની કલમ-૩ની પેટા કલમ-૧ મુજબ પ્રાથમિક શાળાએ આર.ટી.ઈ. મુજબ ૨૫% બેઠકો પોતાની શાળામાં અનામત રાખવામાં આવશે. બી.પી.એલ. ગરીબી રેખા નીચે આવતા પરિવારોનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલ છે. આવકનું પ્રમાણપત્ર અથવા છેલ્લા ૩ વર્ષનાં આઈ.ટી. રીટર્ન પુરાવા તરીકે ફરજીયાત જોડવાનાં રહેશે. ગરીબી રેખાનાં માપદંડ મુજબ આવક ગણી પ્રવેશ આપવામાં આવશે. આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂા. ૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂા. ૧,૫૦,૦૦૦/- ની તા. ૨૪/૧૦/૨૦૧૭થી ગણવામાં આવેલ છે, જે રાજયની લઘુમતી શાળા, ગુજરાતી-હિન્દી તથા અંગ્રેજી માધ્યમને લાગુ પડે છે. વિદ્યાર્થીને ઘરથી શાળા નજીક હોય તેવી શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. જે નિયમોનું ધ્યાન ચાઈલ્ડ વેલફેર કમિટી રાખશે. નિયમ તથા શરતભંગ કરનાર શાળાની પરવાનગી પણ રદ થઈ શકે છે અથવા દંડ થઈ શકે છે.

રાજયભરની ખાનગી અને નામાંકિત શાળાઓ ગરીબ બાળકોને પ્રવેશ આપતી ન હતી દરેકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર રહેલો છે. તે ગરીબ હોય કે તવંગર આ માટે સુપ્રિમ કોર્ટે કરેલ અનામત બેઠકોમાં ખાનગી શાળાઓ પ્રવેશ આપતી ન હતી અને આ બેઠકો ઉપર મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપી ગરીબ બાળકોને અન્યાય કરતા હતા. હવે શાળાઓ આ કાયદાનું અમલ નહિ કરે તો કાયદાકિય પગલા ભરવામાં આવશે. રાજયભરની શાળાઓમાં સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ આરટીઈ હેઠળ બેઠકો ભરવામાં આવતી ન હતી. આ બાબતની જાહેર હિતની અરજીમાં કેટલીક શાળાઓએ સોંગદનામા રજુ કરેલ અને શાળામાં ગરીબ બાળકોની કેટલી સીટો ભરેલ છે તે અંગે વિગતવાર અહેવાલ રજુ કરેલ સરકાર દ્વારા હાઈકોર્ટને જણાવેલ કે ૫૦૦૦ જેટલી અરજી સામે ૩૫૦૦ જેટલા બાળકોને જુદી જુદી શાળાઓમાં પ્રવેશ આપેલ છે. હાલમાં પણ ૩૫૦૦ જેટલી જગ્યાઓ આર.ટી.ઈ. મુજબ ખાલી છે.

જે શાળાઓ આરટીઈ મુજબ શાળામાં પ્રવેશ ના આપેલ હોય તેની સામે હાઈકોર્ટે કડક પગલા ભરવાનું જણાવતા અને રાજય સરકારને આ બાબતે શાળાઓ ઉપર નિયંત્રણ રાખી અહેવાલ રજુ કરવા જણાવતા જણાવેલ કે ગરીબ વિદ્યાર્થીઓની જવાબદારી સ્વીકારવી તે સામાજીક જવાબદારી છે. સમાજવાદની ભાવનાનો અમલ કરવો એ નૈતિક જવાબદારી છે તેમાં શાળાઓ પોતાનો સ્વાર્થ ના સાધી શકે અને સામાજીક, નૈતિક જવાબદારીમાંથી છટકી શકે નહિ તે જોવાની જવાબદારી રાજય સરકારની છે. કાયદાનો કડક રીતે અમલ થવો જોઈએ. ૫૦૦૦ અરજીમાં માત્ર ૩૫૦૦ બાળકોને પ્રવેશ આપી બાકીની બેઠકો જનરલ ના કરી શકાય શાળાઓએ ફરી જાહેરાત આપી અરજીઓ સ્વીકારી આવા બાળકોને પ્રવેશ આપવો જોઈએ. ૨૫ ટકા બેઠકોમાં નીચલા વર્ગના ગરીબ બાળકોને જ પ્રવેશ મળવો જોઈએ જે તેમનો અધિકાર છે. આવી તમામ કાર્યવાહીઓ પૂર્ણ થયા બાદ પણ જો આવી બેઠકો ખાલી રહે તો તેવા સંજોગોમાં શાળાઓએ હાઈકોર્ટની મંજુરી મેળવવી ફરજીયાત છે ત્યારબાદ જ આવી ખાલી પડેલ બેઠકો ઉપર જનરલ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકેશે. જો આ હુકમનું પાલન ન થાય તો શાળાઓ સામે કાયદાકિય પગલા ભરવામાં આવશે તેનો સામનો કરવા સંચાલકોએ તૈયાર રહેવું પડશે.




કેન્દ્રીય શિક્ષણ બોર્ડની શાળામાં ૧લી એપ્રિલથી પ્રવેશ પ્રક્રિયા ચાલુ થતી હોય ખાલી પડેલ જગ્યાઓ ઉપર અન્યને પ્રવેશ આપવા મંજુરી આપવી જોઈએ પાછળથી પ્રવેશ આપવામાં આવે તો શિક્ષણ કાર્ય અડધું થઈ ગયેલ હશે. તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જશે અને પરિણામ ઉપર અસર પડશે પરંતુ હાઈકોર્ટે આ દલીલ ગ્રાહ્યના રાખી તમામ ખાનગી શાળાઓને ૨૫ ટકા ખાલી બેઠકો ઉપર ફરીથી જાહેરાત આપી ગરીબ વિદ્યાર્થીઓનેજ પ્રથમ પ્રવેશ આપવાનું જણાવેલ અને રાજય સરકારને આ નિયમનું ફરજીયાતપણે પાલન કરવાની જવાબદારી સોંપેલ. સમાજના દરેક વર્ગના વિદ્યાર્થીને સમાન શિક્ષણ આપવું એ સમાજની નૈતિક જવાબદારી છે. રાઈટ ટુ એજયુકેશન એકટ સમાજના પછાત અને નીચલા વર્ગના બાળકોના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે જ બનાવેલ છે તેનો કડકપણે અને નૈતિકતાથી અમલ કરવાની સૌની જવાબદારી છે. સામાજીક, નૈતિક જવાબદારીમાંથી કોઈપણ વ્યકિત છટકી શકે નહી. શિક્ષણનું વેપારીકરણ ના થવું જોઈએ. સૌને સમાન સ્તરે શિક્ષણ આપવાની રાજય સરકારની ફરજ છે. કાયદાની છટકબારીમાંથી આવી જવાબદારીમાંથી છટકી જતા શાળા સંચાલકો સામે સખ્તાઈથી કાયદાકીય પગલા ભરવા જોઈએ. હાઈકોર્ટ આદેશના કરે ત્યાં સુધી આવી ૨૫ ટકા બેઠકો ખાલી રાખવી જોઈએ. હાઈકોર્ટના આ ચુકાદથી ગરીબ બાળકોને પણ ખાનગી શાળામાં ભણવાનું સ્વપ્ન સાકાર થશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in